Extra No. 293

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, AUGUST 14, 2025 / SRAVANA 23, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) મુ.ઈ.(ઉ.ગુ) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩/૧૨/૨૦૨૪

(૨) પોલીસ અધીક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર નં. ટ્રાફિક/જાહેરનામું/૫૮૨/૨૦૨૪, તા. ૦૨/૦૯/૨૦૨૪

(૩) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બાયડના પત્ર નં. પીઓએલ/SH-59/ટ્રાફિક/વશી/૩૭૦/૨૦૨૪, તા. ૧૨/૦૯/૨૦૨૪

(૪) મોટર વ્હીકલ અધિનિયમ-૧૯૮૮

(૫) અત્રેની કચેરીના જહેરનામા ક્રમાક: નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૧૬૦ થી ૧૭૦/૨૦૨૫, તા. ૦૩/૦૨/૨૦૨૫

(૬) મુ.ઈ.(ઉ.ગુ) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર, તા. ૦૧/૦૩/૨૫ પત્ર ક્રમાંક:S-32/2024/93842/D

(૭) અત્રેની કચેરીના જહેરનામા ક્રમાક: નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૨૨૮ થી ૨૩૮/૨૦૨૫, તા. ૦૩/૦૨/૨૦૨૫

(૮) અત્રેની કચેરીના જહેરનામા ક્રમાક: નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૪૯૯/૨૦૨૫, તા. ૧૦/૦૬/૨૦૨૫

જાહેરનામું

નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૬૬૧/૨૦૨૫.-નવરચિત અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મોડાસા વહીવટી કેન્દ્રશૈક્ષણિક કેન્દ્ર હોઈ તેમજ અત્રે જિલ્લાના તમામ વિભાગની સરકારી વડી કચેરીઓ આવેલ હોઈ તેમજ શહેરના ઝડપથી થતા વિકાસના કારણે વધતા જતા ટ્રાફિકના કારણે જાહેર રોડ ઉપર ટ્રાફિકની ગીચતા દિન પ્રતિદિન વધતી જાય છે. વધુમાં, અરવલ્લી જિલ્લાને રાજસ્થાન રાજ્યની સરહદ સ્પર્શતી હોઈ વાહનોનું વ્યાપક પ્રમાણમાં અત્રેના જિલ્લામાં હાલમાં અવાગમન થઈ રહેલ છે.

અત્રેના જિલ્લામાંથી વડોદરા-મુંબઈ દિશા તરફ અવર-જવર કરવા મુખ્યત્વેSH-59 (મોડાસા-ધનસુરા-નડિયાદ) તથા SH-5 (મોડાસા-ગોધરા) સ્ટેટ હાઈવે ઉપલબ્ધ છે. પરંતુ SH-5 (મોડાસા-ગોધરા) ટોલ-વે હોઈટેક્સ બચાવવા વાહનો SH-59 (મોડાસા-ધનસુરા-નડિયાદ) હાઈવેનો વધુ ઉપયોગ કરતા હોવાથી તે સ્ટેટ હાઈવે પર વ્યાપક પ્રમાણમાં ટ્રાફિક તથા તેના કારણે અવાર-નવાર અકસ્માતો થતા હોવાની રજુઆતો લોકો તરફથી

અત્રેને મળેલ આ અંગે જિલ્લા કક્ષાએ મળતી ટ્રાફિક સલાહકાર સમિતિ/પોલીસ સલાહકાર સમિતિમાં પણ ચર્ચા હાથ ધરી SH-59 હાઈવે પર વધતી જતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા વિચારણા થયેલ વધુમાં સદર બાબતે રાજ્ય સ્વાગતમાં પણ રજુઆત થયેલ છે.

ઉક્ત સંદર્ભ-૧ના પત્રથી મળેલ સુચના મુજબ સવારનાં ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી "SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ) હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવરજવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં. ૪૮ (શામળાજી-હિમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અગે એક માસ માટે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હતુ. તા.૩૧/૦૧/૨૦૨૫ની બેઠકમાં થયેલ સમીક્ષા મુજબ જાહેર જનતાની સલામતી ધ્યાને લઈ વધુ સમય માટે જાહેરનામું લંબાવવા માટે હકારાત્મક અભિપ્રાય મળેલ છે. જેને ધ્યાને લઈ SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ)હાઈવે પર અકસ્માતો ઘટાડવાના પ્રયત્નોને ધ્યાને લઈને વધુ સમય માટે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ)હાઈવે પર ભારે વાહનોના કારણે વધેલ ટ્રાફિક ભારણને અંકુશમાં લાવવા, ટ્રાફિક સમસ્યાઓ/ ગંભીર અકસ્માતો નિવારવા, ધાર્મિક પ્રસંગો દરમ્યાન પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓની સગવડ/ સલામતી સાચવવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ પ્રાથમિક જાહેરનામું જાહેરહિતમાં અમલમાં રાખવું ઉચિત* જણાય છે.

આથી હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ.જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ:

"મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા ભારે વાહનોને તા. ૧૧.૦૮.૨૦૨૫ના ૦૦-૦૦ કલાક થી તા. ૦૯.૧૦.૨૦૨૫ સુધી સવારનાં ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી "SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ) હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવરજવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં. ૪૮ (શામળાજી-હિંમતનગર-ચિલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે આદેશ ફરમાવુ છુ.."

અપવાદ

સરકારી વાહનો, એરા.ટી. નિગમની બસો, ઈમરજન્સી વાહનો, સ્કુલવાન, દુધવાહન, એમ્બ્યુલન્સ, કાર્યક્રમમાં પધારનાર ભારે વાહનો તથા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોધાયેલ GJ 09 તથા GJ 31 સિરીઝના સ્થાનિક ભારે વાહનોને સ્ટેટ હાઈવે નંબર-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ) પરથી અવર-જવર માટે મુક્તિ આપવામાં આવે છે.

વધુમાં જરૂરીયાત મુજબના વાહનોએ સક્ષમ અધિકારીશ્રી, આર.ટી.ઓ, મોડાસાની પરવાનગી મેળવવાની રહેશે..

આ હુકમની તાત્કાલિક અસરથી અમલવારી કરવાની રહેશે. તથા હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે. આ માટે ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરવાના સક્ષમ અધિકારીશ્રી હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૮/૦૮/૨૦૨૫ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડ્યું.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 10:17:01 IST